પૂર્વછાયો- ત્યાર પછી એક સમે, બેઠા સભામાંહિ શ્યામ ।
દિયે દર્શન દાસને, હરિજનની પુરે હામ ॥૧॥
મિઠી મિટે માવજી, જ્યારે જોયા સર્વે જન ।
દોષે રહિત દાસ દેખી, પોતે થયા પ્રસન્ન ॥૨॥
પછી પ્રભુજી બોલિયા, તમે સાંભળજ્યો સહુ જન ।
આપણે સહુ ઉધ્ધવના, તેને કરવું તીર્થ અટન ॥૩॥
મુનિ સંન્યાસી ત્યાગી ગૃહી, સુણો અવધ્યવાસી આપ ।
જાઓ શ્રીદ્વારામતિ, નાહી લહી આવો સહુ છાપ ॥૪॥

ચોપાઇ- મળે તીર્થે મોટા મુનિજન, થાય રામકૃષ્ણનાં દર્શન ।
મારકંડેય ધૌમ્ય લોમશ, ધર્માદિ કરે તીર્થ અવશ ॥૫॥
સર્વે તીર્થ છે સુખરૂપ, તેમાં પણ દ્વારિકા અનૂપ ।

તમે અવધ્યવાસી રહો દૂર, માટે જાવું તમારે જરૂર ॥૬॥
જેદિ થયો જાદવનો નાશ, પરસ્પર લડી પરભાસ ।
તેદિ સમુદ્રે જળ હિલોળી, કૃષ્ણભુવન વિના પુરી બોળી ॥૭॥
કુળ સંહારી શ્રીકૃષ્ણ પોતે, રહ્યા નિજઘેર નાથ ગુપતે ।
માટે મોટું તીર્થ દ્વારામતિ, જીયાં અખંડ રહે યદુપતિ ॥૮॥
માટે ગૃહી ત્યાગીને ત્યાં જાવું, વિધિ સહિત ગોમતીમાં ન્હાવું ।
યથાયોગ્ય દાન તિયાં દેવું, સત્યપુરુષ પૂજી ફળ લેવું ॥૯॥
એમ સર્વેને આગન્યા કીધી, નિજદાસને શિક્ષા એ દિધી ।
પછી કૌશલવાસીને કહ્યું, નિશ્ચે તમારે જાવાનું થયું ॥૧૦॥
મનછારામ નંદરામ દોય, જાઓ ગોપાળ સુફળ સોય ।
પ્રથમ પહેલા શ્રીરામપ્રતાપ, તે પણ ગયાતા દ્વારકાં આપ ॥૧૧॥
ઉધ્ધવસંપ્રદાયની એ રીત, જાવું દ્વારકાં થાવું પુનિત ।
નાહિ ગોમતી વિપ્ર જમાડો, પિંડ દઈ પિત્રિ પાર પમાડો ॥૧૨॥
છાપે અંકિત કરી શરીર, બેટ જઈ આવો વહેલા વીર ।
ત્યારે બોલ્યાં છે સંબંધી સઉં, સારું જાશું રાજી અમે છઉં ॥૧૩॥
પણ ભોમિયો જોઈએ જરુર, જાણે વાટ ઘાટ ગામ પુર ।
ત્યારે સભા સામું જોયું સ્વામી, દીઠા સચ્ચિદાનંદ નિષ્કામી ॥૧૪॥
દૃઢસમાધિ નિર્ભય નચિંત, જેને પ્રગટ પ્રભુશું પ્રીત ।
તેને આગન્યા આપી છે નાથે, તમે જાઓ ધર્મકુળ સાથે ॥૧૫॥
તમે જઈ પાછા આવો જન, કરી રણછોડજીનાં દર્શન ।
પછી આવશે મુનિ સમસ્ત, જ્યારે થાશે શીત ઋતુ અસ્ત ॥૧૬॥
હશે વાસુદેવની ઇચ્છાય, મુનિ ને અમે આવશું ત્યાંય ।
તમે તો સહુ થાઓ તિયાર, બાંધો ટીમણ મ કરો વાર ॥૧૭॥
પછી મુનિ બોલ્યા કર ભામી, સુખે યાત્રા કરાવીશ સ્વામી ।
પછી તીરથે જાવાને કાજે, જોવરાવ્યું મુહૂર્ત મહારાજે ॥૧૮॥
ભટ્ટ મયારામે એમ કાવ્યું, શુદી નવમીનું મુહૂર્ત આવ્યું ।
પછી નાથે આજ્ઞા તેને કરી, ચાલ્યા દ્વારકાં સ્મરતા હરિ ॥૧૯॥

માઘવદી એકમને દન, નાહ્યા વિપ્ર ગોમતી દઈ ધન ।
દેખી પરદેશી ધાયા ગુગળી, જેમ પિંડે આવે કાક મળી ॥૨૦॥
કરી ટિલાં ને કહે અમે ગોર, લેવા નાણું થયા તતપર ।
નોય ત્યાગીને તીરથે આડી, પણ મુનિને નહાતાં ના પાડી ॥૨૧॥
વાયસ સરખે વિંટિને લીધા, મોટા મુનિને નાવા ન દીધા ।
બાળ જોબન ને વૃધ્ધ વળી, દિયે ડારા કહે મારશું મળી ॥૨૨॥
તું તો સિધ્ધનું કુપળું દિસે, નાણાં વિના નાવા મન હિસે ।
કાઢ્ય કંથા કોપીનેથી દામ, એમ બોલે પુરૂષ ને વામ ॥૨૩॥
તોય મુનિનું મન ન ક્ષોભ્યું, કૃષ્ણ રમણ રજે મન લોભ્યું ।
ચિત્તે ચડી શ્રીકૃષ્ણ મૂરતિ, હવી મુનિને અંતરવરતિ ॥૨૪॥
થઈ સમાધિ ભૂલ્યા શરીર, પડ્યું પિંડ ગોમતીને તીર ।
તિયાં આવ્યા અયોધ્યા રહેનાર, મુનિ ન જાગે કરે પોકાર ॥૨૫॥
કહે ગોપાળ સહુ સગાને, કેમ લઈ ચાલશું સંગે આને ।
દિન પાંચ દશમાં જાગશે, રહેશું તો દન બહુ ભાંગશે ॥૨૬॥
માટે મ કરો ચિંતા એની કાંઈ, ચાલો છાપું લઈ બેટમાંઈ ।
મુનિ મેલી ગયા આરાંભડે, લીધી ચોંપે છાપો દામવડે ॥૨૭॥
બેસી વાણે ગયા બેટમાંઈ, કર્યાં દર્શન પૂજા દામે ત્યાંઈ ।
કરી તીરથવિધિ શોભતી, પંચ દન રહી આવ્યા ગોમતી ॥૨૮॥
શોધ્યા સચ્ચિદાનંદ ન મળ્યા, અવધ્યવાસી સહુને પૂછી વળ્યા ।
હવે કહું મુનિને જે વીતિ, સહુ સુણો એ ધામની રીતિ ॥૨૯॥
મુનિ અન્ન તજી ત્રણ દહાડે, નાહ્યા વિના ગયા આરાંભડે ।
જઈ ઉતર્યા લાંઘણ ચોરે, જ્યાં અન્ન વિના જન બકોરે ॥૩૦॥
તિયાં તીર્થવાસી તાવે ઘણું, પડે ઉપરા ઉપર લાંઘણું ।
બાલ જોબન ને વૃધ્ધ બહુ, વિના અન્ને વ્યાકુળ છે સહુ ॥૩૧॥
કૈક કુટે પેટ શિશ છાતી, ભાઈયો ભૂખ નથી જો ખમાતી ।
માટે દીયો છાપો દયા કરી, અમે અન્ન વિના જાશું મરી ॥૩૨॥
નાપે છાપ દ્રવ્યના લેનાર, જેને નહિ દયા મહેર લગાર ।

તીર્થવાસી પાડે બુંમરાણ, આપો છાપો આપ્યા જાણું પ્રાણ ॥૩૩॥
તૈયે બોલ્યો ચારણીયો આપ, ધન વિના તો નહિ દૈયે છાપ ।
મરી મટો જાઓ ઠાલાં ઘેર, તેની અમારે નહિ દયા મહેર ॥૩૪॥
એવું દેખી આરાંભડામાંહિ, મુનિ કરવા લાગ્યા ત્રાહિ ત્રાહિ ।
આતો ગામ યમપુરી જેવું, કહીએ કુરુક્ષેત્ર વળી એવું ॥૩૫॥
જેવા ગોમતીમાંહિ ગુગળી, પાપી અધિક એથી આ વળી ।
સર્વે દુઃખતણા જે દેનાર, આંહિ આવી વસ્યાં નરનાર ॥૩૬॥
માટે નહિ દયા કેને લેશ, વારું પુછી જોઉં ખોટી મેશ ।
કહે મુનિ સુણો ભાઈઓ વાત, તમે કૃષ્ણભક્ત છો સાક્ષાત ॥૩૭॥
દિયો છાપો તમે દયા કરી, જાઉં બેટ હું નિરખી હરિ ।
તૈયેં સાંભળી મુનિના બોલ, હસી કહ્યું તું છો પશુતોલ ॥૩૮॥
આવે ધુતા ઘણા તુજ જેવા, વિના ધને છાપો બહુ લેવા ।
ગર્જ હોય તો ધન દેઈને, બુઢા જા ઘેર છાપો લઈને ॥૩૯॥
તૈયેં બોલ્યા મુનિ સુભાગી, ભાઈ ધન ત્રિયા અમે ત્યાગી ।
કહે તું જેવા ત્યાગીને જાણું, રાખે કંથા કોપીનમાં નાણું ॥૪૦॥
પછી કંથા દિધી મુનિ હાથે, જોઈ પટકી પૃથવી માથે ।
કહે જટામાં જ્યાં ત્યાંહિ રાખે, સાધુ નોય કોઈ ધન પાખે ॥૪૧॥
અમેતો નહિ સાધુ તે જેવા, અમે સ્વામિનારાયણ સેવ્યા ।
જ્યારે તુંજ સ્વામીજીનો સાધુ, ત્યારે તો નાણું બેસશે વાધુ ॥૪૨॥
તારા સ્વામી પાસે બહુ ધન, કરે છે મોટામોટા જગન ।
માટે શીદ ખોટી થાછ ઠાલો, છાપ લેતો ધન લાવી આલો ॥૪૩॥
એવે સમે આવ્યો એક ખાખી, રોળી રાખમાંહિ દેહ આખી ।
લોહ ચિપિયો લીધો છે હાથે, જટા મોટી વિંટિ વળી માથે ॥૪૪॥
કીધી કેફે કરી આંખ્યો રાતી, ચાલે મરડાતો કાઢતો છાતી ।
ભાંગ્ય ગાંજાની ભેળી કોથળી, બોલે ગળેથી વાણી ગોગળી ॥૪૫॥
આવી અટક્યો કહે દ્યો મને છાપું, અમે ત્યાગી તુંને ધન નાપું ।
બોલ્યો અડબંગાઈમાં ગાળ, સુણી ઉઠ્યો ચારણ તતકાળ ॥૪૬॥

ઝાલી ડાઢી ચુંથી ઝટા વળી, મહોર પાંચ માથેથી નિકળી ।
કહ્યું જો મુનિ આંહિની રીત્ય, અમારે તો પૈસા સાથે પ્રીત ॥૪૭॥
સાધુ તું ધન આપ્ય ને લાવી, નહિ તો થાશે ગતિ તારી આવી ।
કહે મુનિ જટા મારે નથી, કંથા કૌપીનમાં ધન ક્યાંથી ॥૪૮॥
પછી ચાલ્યો ચારણ હાંસી કરી, શીદ વણમોતે જાછ મરી ।
જો આવે તારા બાપનો બાપ, ધન વિના નવ આપિયે છાપ ॥૪૯॥
પછી મુનિ થયા છે ઉદાસી, દીઠાં પીડાતાં તીરથવાસી ।
પરદુઃખે દુઃખાણું છે મન, ચાલ્યા કહે ન લેવું આંહિ અન્ન ॥૫૦॥
બેસી બેડિમાંહિ પહોત્યા બેટ, પડી લાંઘણે મળિયું પેટ ।
કરવા દર્શન પોળ્યમાં પેઠા, છાપ વિના દરવાણિયે દીઠા ॥૫૧॥
કહે જાછ ભાગ્યો કિયાં ભગવા, તું શું આવ્યો છો અમને ઠગવા ।
છાપ વિના જાછ છાંનોમાંનો, કપટી છો કોઈ સાધુ શાનો ॥૫૨॥
દઈ ઠેલા ઉગામી ઠપાટ, મુનિ હસી બેઠા સામે હાટ ।
તિયાં આવ્યો બ્રાહ્મણ ગુગળો, ધરનો ધર્મ થકી વેગળો ॥૫૩॥
તેને કહે એમ મુનિરાજ, મને દર્શન કરાવો મહારાજ ।
વિપ્ર કહે આંહિની એવી રીત્ય, કેવળ પૈસા સાથે સહુને પ્રીત્ય ॥૫૪॥
નાણું લઈ વેચે નિજનારને, આપે સુતા ભગિની જારને ।
તેની આ શહેરમાં નહિ લાજ, બીજાં બહુબહુ કરે અકાજ ॥૫૫॥
તારી પાસે હોય ધન કાંઈ, ચાલ્ય ઉતારું હું ઘરમાંઈ ।
સર્વે વાતે થાઈશ સુખિયો, નહિ તો જાઈશ દ્રષ્ણનો દુઃખિયો ॥૫૬॥
તૈયેં કહે મુનિ સ્વામીના છીએ, દામ વામ થકી દૂર રહીએ ।
તૈયેં બોલ્યો વળી વિપ્ર જન, તારા ગુરુ પાસે બોળું ધન ॥૫૭॥
વળી કહેવાય છે પ્રભુ આપે, તેને મુકી આવ્યો શિયે પાપે ।
એમ કહિને બ્રાહ્મણ ગયો, મુનિને મન ક્ષોભ ન થયો ॥૫૮॥
બીજાં બહુ આવે પુરવાસી, દેખી નિરધન ને કરે હાંસી ।
કેક ડરાવે દેખાડે આંખ્ય, અતિ દુષ્ટ દલે ધનધાંખ્ય ॥૫૯॥
વળતું મુનિયે મન વિચાર્યું, ત્યાગી આવશે આંહિ હજારૂં ।

તેહ મુનિની શિપેર થાશે, દર્શન વિના દુઃખી થઈ જાશે ॥૬૦॥
પળ એક હું આંહિ ન રહું, વળું વાટ પંચાળની લહું ।
પણ કરી ગુરુએ આગન્યા, આવિશ માં છાપ દર્શન વિના ॥૬૧॥
એહ વચન ખટકે શરીર, કેમ કરશે હવે બલવીર ।
છાપ દર્શન વિના પાછો જાઉં, ગુરુજીનો ગુનેગાર થાઉં ॥૬૨॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે અયોધ્યાવાસી ને
સચ્ચિદાનંદમુનિ દ્વારિકાં ગયા એ નામે બાણુંમું પ્રકરણમ્ ॥૯૨॥